# મહાત્મા મંદિરમાં ૯૦૦ બેડની કોવિડ હોસ્પિટલ તૈયાર : રૂપાણી

**કોરોનાની સંભવિત ત્રીજી લહેરની શક્યતાઓ સામે ગુજરાત પહેલી-બીજી લહેરના અનુભવોના આધારે મુકાબલા માટે તૈયાર છે : ૧૦ શહેરોમાં રોજ ૧.૨૦ લાખ યુવાઓનું વેક્સિનેશન વિનામૂલ્યે થાય છે : રાજ્ય સરકાર ૧૮ થી ૪૪ વયજૂથના ૧૫ લાખ યુવાનને વિનામૂલ્યે વેક્સિન આપી છે**





ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં નિર્માણ થયેલી કોવિડ હોસ્પિટલની મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નિરીક્ષણ મુલાકાત લઈને ડી.આર.ડી.ઓ (ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગનાઈઝેશન) તથા રાજ્ય સરકાર દ્વારા અહીં ઉભી કરાયેલી વ્યવસ્થાઓ અંગે વિસ્તૃત જાત માહિતી મેળવી હતી.

મુખ્યમંત્રીએ આ હોસ્પિટલના આઈ.સી.યુ. વોર્ડસ, ટ્રાયેજ એરીયા, ઓક્સીજન પ્લાન્ટ સહિતના વિભાગો નિહાળીને કોરોના સંક્રમિતોની સંપૂર્ણ સારવાર વ્યવસ્થાથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીએ આ નિરીક્ષણ મુલાકાત બાદ પ્રચાર માધ્યમો સાથેની વાતચીત-સંવાદમાં સ્પષ્ટપણે જણાવ્યું કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન અને પ્રેરણાથી તેમના મતક્ષેત્રમાં ડી.આર.ડી.ઓ. અને રાજ્ય સરકાર દ્વારા આ હોસ્પિટલ સંપૂર્ણ આરોગ્ય સુવિધાઓ સાથે તૈયાર કરી દેવામાં આવી છે.

તેમણે કહ્યું કે હાલ રાજ્યમાં કોરોનાના કેસોમાં રિવર્સ ટ્રેન્ડ - ઉત્તરોત્તર ઘટાડો થઈ રહ્યો છે. એપ્રિલ મહિનામાં ૧૪ હજાર જેટલા કેસ પ્રતિદિન આવતા હતા તે ઘટીને ગઈકાલે ૨૫૦૦ જેટલા થઈ ગયા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે આમ છતા કોરોના ગયો નથી. તેની પૂરેપૂરી સતર્કતા સાથે રાજ્ય સરકારનું સમગ્ર તંત્ર એલર્ટ-સચેત છે. આપણે જો જરૂરિયાત ઉભી થાય તો માત્ર ૨૪ કલાકમાં જ મહાત્મા મંદિર ખાતેની આ સંપૂર્ણ સુવિધાઓ સાથેની કોવિડ હોસ્પિટલ શરૂ કરવા સક્ષમ અને સજ્જ છીએ એમ મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતુ.

આ સંદર્ભમાં પણ રાજ્ય સરકારે બાળરોગ નિષ્ણાંત તબીબો, હોસ્પિટલમાં બાળકો માટે વોર્ડસ, વધારાના બેડ, ઓક્સિજન, દવાઓ, ઈન્જેકશન વગેરે માટે કોરોનાની પહેલી અને બીજી લહેરના અનુભવોના આધારે સારવાર વ્યવસ્થાની આવનારી સંભવિત ત્રીજી લહેર માટે પણ તૈયારી કરી છે.

આ અંગેનો એક્શન પ્લાન પણ આવનારા દિવસોમાં જરૂરિયાત મુજબ જાહેર કરાશે એમ તેમણે ઉમેર્યુ હતુ.

જેટલી ઝડપથી લોકોનું વેક્સીનેશન થશે તેટલી ઝડપથી આપણે કોરોનાથી બહાર નીકળી શકીશું એવા ધ્યેય સાથે ૪૫ થી વધુ વયના લોકોને પ્રથમ અને બીજો ડોઝ તેમજ ૧૮ થી ૪૪ વયજૂથના લોકોમાં પ્રથમ ડોઝ આપવાની કામગીરી સતત નિરંતર ચાલુ કરી છે એમ તેમણે ઉમેર્યુ હતુ.

વેક્સિનેશન અંગેની વિસ્તૃત માહિતી આપતા મુખ્યમંત્રીએ કહ્યું કે રાજ્યના ૧૦ શહેરોમાં ૧૮ થી વધુ વયજૂથમાં રોજ એક લાખ ૨૦ હજારથી વધુ યુવાઓને વેક્સિન અપાય છે. અત્યાર સુધીમાં ૧૫ લાખ થી વધુ ડોઝ અપાઈ પણ ગયા છે.

આ માટે ૧૮ થી ૪૪ વય જૂથના લોકોનું રજીસ્ટ્રેશન કરીને તેમને વેક્સીનનો સમય, સ્થળ એસએમએસથી જાણ કરાય છે.

સાથો સાથ ભારત સરકારે ખાનગી હોસ્પિટલોને પણ ચાર્જેબલ બેઝિસ પર વેક્સિનેશનની પરવાનગી આપી છે. આવી ખાનગી હોસ્પિટલો વેક્સિન ઉત્પાદકો પાસેથી પોતાની રીતે જથ્થો મેળવીને વેક્સીનેશન કામગીરી ચાર્જેબલ ધોરણે કરે છે. એપોલો, શેલ્બી, સુરતની મહાવીર જનરલ હોસ્પિટલ વગેરે આ વેક્સિનેશન કામગીરી કરે છે.

રાજ્ય સરકારે ૩ કરોડ વેક્સિનના જથ્થાનો જે ઓર્ડર કરેલો છે તે જેમ જેમ આવતો જશે તેમ વિનામૂલ્યે વેકસીનેશનની કામગીરી ચાલુ જ રહેવાની છે.

હાલ રોજના ૧.૨૦ લાખથી વધુ લોકોને વેક્સીન અપાય છે. તે પણ વેક્સિન આવતી જશે તેમ વધારતા જઈશું એમ મુખ્યમંત્રીએ કહ્યું હતુ.

## સિવિલમાં કોવીડ વોર્ડ યથાવત રહેશે

ગાંધીનગર,તા. ૨૯

ગાંધીનગર સિવિલમાં હાલના સમયે ૭૫ જેટલા દર્દીઓ કોરોનાની સારવાર હેઠળ છે. સિવિલમાં ત્રીજા માળે અને ૭ માળે જ કોવીડ વોર્ડ કાર્યરત છે. બાકીના તમામ વોર્ડ બંધ થઈ ગયા છે. કોરોનાના કેસમાં સતત દિન પ્રતિદિન ઘટાડો જોવા મળી રહ્યો છે. તો બીજીતરફ સરકારે મહાત્મા મંદિર ખાતે ૯૦૦ બેડની કોરોના ની સુવિધાલક્ષી હોસ્પિટલ તૈયાર કરી છે. પરંતુ હાલ કોરોનાના ખાસ દર્દીઓ ન હોવાથી મહાત્મા મંદિર ખાતે માત્ર ૨૪ કલાકમાં હોસ્પિટલ સંપૂર્ણ સજ્જતા સાથે કાર્યરત થઈ જાય તે રીતની તૈયાર જ છે. જયારે સિવિલમાંથી જે તે જરુરીયાત મુજબની ચીજવસ્તુ મહાત્મા મંદિર સ્થિત કોરોના હોસ્પિટલ લઈ જવાઈ હતી તે તમામ વસ્તુ પાછી ખસેડી લેવામાં આવી છે. ત્યારે હવે સિવિલમાં જ કોરોના દર્દીઓ માટે રીઝર્વ વોર્ડ રાખી નોન કોવીડ દર્દીઓને પણ સારવાર મળી રહે તે દિશામાં તંત્ર દ્વારા તૈયારીઓ ચાલી રહી છે.

## શહેરના સરકારી આવાસોમાં બિન અધિકૃત કબજેદારો હજુ યથાવત

**તંત્ર દ્વારા અગાઉ અનેકવાર સર્વે હાથ ધરાયો છે પરંતુ બિન અધિકૃત કબજેદારોને આવાસ ખાલી કરાવવા માટે કોઇ પગલા લેવાતા નથી : આવાસ ઇચ્છુક કર્મચારીઓ લાંબા સમયથી તંત્રની પ્રતિક્ષા યાદીમાં**

ગાંધીનગર તા ૨૯

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી રહેણાંકને લાયક મકાનોની સંખ્યા નહીંવત છે. ત્યારે જુના આવાસોના તબક્કાવાર કડુસલો કરવામાં આવી રહ્યો છે. બીજીતરફ વિવિધ કક્ષાના મકાનોમાં હજુ બિન અધિકૃત કબજેદારોનો વસવાટ છે. જેના લીધે આવાસ ઈચ્છુક કર્મચારીઓની અરજીઓને ન્યાય મળતો નથી. શહેરમાં બિન અધિકૃત કબજેદારો સંદર્ભે અગાઉ પણ તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો પરંતુ હજુ સુધી આ અન્વયે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી જેના લીધે આવાસ મામલે તંત્રના ચોપડે પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે.

શહેરમાં એકબાજુ જુના અને જર્જરિત સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જયારે તબક્કાવાર આવાસો તોડવા માટે પણ વિભાગ કક્ષાએથી મંજુરી આપવામાં આવે છે. હાલ પણ શહેરમાં આવાસો તોડવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે બીજીતરફ નવા આવાસો બાંધવાનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. પરંતુ દાયકાઓ જુના પૈકી મોટાભાગના વિવિધ કક્ષાના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી. ત્યારે સરકારી કર્મચારીઓને રહેણાંકને લાયક મકાનો મળતા નથી. સરકારી ચોપડે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. ત્યારે શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં બિન અધિકૃત કબજેદારોની સંખ્યા પણ વિશેષ છે. શહેરના સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો બિન અધિકૃત કબજેદારોએ ખાલી કર્યા નથી જયારે તંત્ર કક્ષાએથી પણ આ મામલે અગાઉ અનેકવાર સર્વે કરવામાં આવ્યો છે. પરંતુ કોઈ પગલા લેવાયા નથી. કેટલાક કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરાયો છે. પરંતુ બિન અધિકૃત કબજેદારો આવાસો ખાલી ન કરતા આવાસોનો નિકાલ કરવા સહીત અન્ય આવાસ ઈચ્છુક કર્મચારીઓને મકાન ફાળવવાની પ્રક્રીયા પણ મંદ પડી ગઈ છે. કર્મચારીઓને આવાસ મળતા નથી. જયારે નવા આવાસોના નિર્માણની પ્રક્રીયામાં હજુ સમય લાગે તેમ છે. ત્યારે વર્ષો પુર્વે પણ શહેરના સરકારી આવાસોમાં પેટાભાડુઆતોનો કાંડ સામે આવ્યો હતો. ત્યારે હાલ પણ નિવૃતિ , અવસાન તેમજ બદલીના કિસ્સામા પણ ઘણાં આવાસો ખાલી થતા નથી જેના લીધે કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોને હાલાકી વેઠવી પડે છે. તંત્ર કક્ષાએથી બિન અધિકૃત કબજેદારોને આવાસ ખાલી કરાવવા માટે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી. સરકારી આવાસોને બિન અધિકૃત કબજેદારાની ચુંગાલમાંથી મુક્ત કરાવવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## કોરોનાના બીજા વેવમાં નિરાધાર પરિવારોને રૂ. પાંચ લાખની સહાય આપો : ચાવડા-ઠાકોર

**નિરાધાર પરિવારોને સહાય ઉપરાંત પાંચ વર્ષ સુધી મફત રાશન આપો : બળદેવજી**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આજે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને એક પત્ર પાઠવી કોરોનામાં જે પરિવારો નિરાધાર બન્યા છે તેવા પરિવારોને રૂ. પાંચ લાખની સહાય ચુકવવામાં આવે તેવી માંગ કરી છે.

સી.જે. ચાવડાએ મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યુ છે કે મૃત્યુના સર્ટિફિકેટમાં કોરોનાથી મરણ થયાનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો જોઈએ જે કારણથી મરણ પામનારના નિરાધાર પરિવારોને આ સહાય મળે.

તેમણે તેમના આ પત્રમાં જણાવ્યુ છે કે કોરોનાના બીજા વેવમાં ઘણા બધા પરિવારોએ માતા-પિતા, પિતા-પુત્રના અવસાન થયાની ઘટનાઓ સામે આવી છે. ઘણા બધા પરિવારો નિરાધાર બન્યા છે. આ કપરા મોંઘવારીના સમયમાં પરિવારનું ગુજરાન ચલાવવુ પણ અઘરૂ બન્યુ છે ત્યારે રાજ્ય સરકારે આવા પરિવારો માટે રૂ. પાંચ લાખની ખાસ સહાય આપી મદદરૂપ થવુ જોઈએ તેવી મારી માંગ છે.

બીજી તરફ કોંગીના કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પણ રાજયના મુખ્યમંત્રી રૂપાણીને પત્ર લખી કલોલ તાલુકામાં આરોગ્ય સેવાના સઘનીકરણની માંગ કરી કોરોનાના બીજા વેવમાં નિરાધાર બનેલ બક્ષીપંચ અને ગરીબ વર્ગના પરિવારોને રાજ્ય સરકારે રૂ. પાંચ લાખની સહાય તાત્કાલિક ચુકવવા જણાવ્યુ છે.

બળદેવજી ઠાકોરે આવા પરિવારોને ખાસ કિસ્સામાં પાંચ વર્ષ સુધી સસ્તા અનાજની દુકાનેથી મફત (વિના મૂલ્યે) રાશન ફાળવવામાં આવે તેવી પણ માંગ કરી છે.

## GPSCની વર્ગ-૧-૨ની પરીક્ષાનું પરિણામ જાહેર

ગાંધીનગર,તા. ૨૯

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જીપીએસસી ક્લાસ-I & II ની પ્રાથમિક પરીક્ષાનું પરીણામ જાહેર કરવામાં આવ્યું છે. કુલ ૬૧૫૨ ઉમેદવારો મુખ્ય લેખિત પરીક્ષા માટે કવોલીફાઈ કરવામાં આવ્યા છે. ૨૨૪ જગ્યા માટે ૨૧ માર્ચે પરીક્ષા લેવાઈ હતી. હવે મુખ્ય લેખિત પરીક્ષા ૧૯, ૨૧ અને ૨૩ જુલાઈએ લેવાશે. મુખ્ય પરીક્ષાનું પરિણામ નવેમ્બરમાં જાહેર થશે. ૩ ગણા ઉમેદવારના ડિસેમ્બરમાં ઈન્ટરવ્યૂમાં લેવાશે. ૩૧ ડિસેમ્બર પહેલા ફાઈનલ પરિણામ આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આયોગ દ્વારા કુલ જગ્યાઓ જેવી કે - નાયબ કલેક્ટર/નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ ૧૫, નાયબ પોલીસ અધિક્ષકની કુલ ૨૦, જિલ્લા/નાયબ રજીસ્ટ્રારની કુલ ૦૩, સહાયક રાજ્યવેરા કમિશ્નરની કુલ ૪૨, નાયબ નિયામક (અનુ. જાતિ કલ્યાણ) ની કુલ ૦૧; એમ સંયુક્ત રીતે વર્ગ-૧ ની કુલ ૮૧ જગ્યાઓ તથા સેક્શન અધિકારી ( સચિવાલય )ની ૯, સેક્શન અધિકારી (વિધાનસભા)ની કુલ ૦૧, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રારની કુલ ૦૭, રાજ્ય વેરા અધિકારીની કુલ ૭૪, જિલ્લા નિરીક્ષક જમીન દફતરની કુલ ૨૫, સરકારી શ્રમ અધિકારીની કુલ ૨૫, સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) વિચરતીની કુલ ૦૨ એમ સંયુક્ત રીતે વર્ગ-૨ની કુલ ૧૪૩ જગ્યાઓ એમ સંકલિત કુલ ૨૨૪ જગ્યાઓ માટે ૧૫/૧૧/૨૦૨૦ના રોજ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી. પ્રાથમિક કસોટી ૨૧ માર્ચ, ૨૦૨૧ના રોજ યોજવામાં આવી હતી.




# જિલ્લામાં સંક્રમણ ઘટ્યું

**જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૮; શહેરમાં ૨૨ કેસ નોંધાયા : ગાંધીનગર, કલોલ, દહેગામમાં ૫-૫ કેસ અને માણસામાં ૩ કેસ નોંધાયા : શહેરમાં કુડાસણ, વાવોલમાં ૩-૩, સુઘડ, સે. ૫, ૨૪, ૩૦ માં ૨-૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૪૦ કેસ નોંધાયા છે. જેમાં શહેરમાં ૨૨ કેસ અને ગ્રામ્યમાં ૧૮ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા એક દર્દીનું આજે સારવાર દરમ્યાન અવસાન થયું છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચેપરેટ ઘણો ઘટી જવા પામ્યો હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પરિસ્થિતિ હવે થાળે પડી ગઈ હોવાનું પણ આ સૂત્રો કહી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૮ કેસમાં દહેગામમાં ૫, ગાંધીનગરમાં ૫, કલોલમાં ૫ અને માણસામાં ૩ કેસનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસમાં બે દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૬ ખેડૂત, ૪ વિદ્યાર્થી, ૮ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. જિલ્લાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં છુટા છવાયા કેસો મળી રહ્યા હોવાથી તેમજ યુવાઓ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

દહેગામ તાલુકામાં આજે પાંચ કેસ નોંધાયા છે. આ પાંચેય કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. તાલુકાના ગુડિયાની મુવાડી, ટીમ્બાની મુવાડી, હરસોલી, જીવરાજની મુવાડી અને હરખજીના મુવાડા ગામેથી આ કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં વાસણા ગામેથી બે કેસ તેમજ ગિયોડ, મોટા ચિલોડા, મગોડી ગામેથી કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં પણ આજે પાંચ કેસ નોંધાયા છે. જેમાં ૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાં અને કલોલ અર્બનમાંથી ૧ કેસ મળેલ છે. કલોલ તાલુકાના પાનસર ગામેથી આજે ૩ કેસ મળી આવેલ છે તેમજ એક કેસ ખોરજ ડાભી ગામેથી મળી આવેલ છે.

માણસા તાલુકામાંથી આજે ૩ કેસ મળી આવેલ છે. ઈન્દ્રપુરા, આમજા અને સોજા ગામેથી કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. અત્યાર સુધીમાં ગ્રામ્ય વિસ્તારમાં ૯૨૧૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૯૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૫૨૧૪ લોકોને હોમ ક્વોરેન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.


ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૨૨ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યુ છે પરંતુ સંવેદનશીલ વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં નવ મહિલા દર્દીઓ તેમજ ૪ દર્દી ૬૦ થી વધુ વય ધરાવતા મળી આવ્યા છે.

શહેરમાં આજે કુડાસણ, વાવોલમાંથી ૩-૩, સુઘડ, સે. ૫, ૨૪, ૩૦ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૬, ૮, ૧૨, ૨૦, ૨૧, ૨૭, ૨૯ અને પેથાપુરમાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ ૮૫ ટકાથી ઉપરનો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૪૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૪૬૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

### ટેલિફોનીક બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી
શ્રી મગનલાલ વલ્લભભાઈ ખલાસી
તા.૨૭/૦૫/૨૦૨૧ના રોજ ગાંધીનગર ખાતે દેવલોક પામેલા છે.
વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને ટેલીફોનીક બેસણું તા.૩૧/મે/૨૦૨૧ સોમવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે.
નોંધ:- લૌકિક ક્રિયા રાખેલ નથી.
ભાનુમતી મગનલાલ ખલાસી (પત્ની)
હિરેન મગનલાલ પટેલ (પુત્ર)
વૈશાલી હિરેનભાઈ પટેલ (પુત્રવધુ)
જય હિરેનભાઈ પટેલ (પૌત્ર)
નં-૯૫૮૬૯૭૪૫૬૩
દર્શના નૈષધ રંગુનવાલા (પુત્રી)
સ્વ.નૈષધ દોલતરામ રંગુનવાલા (જમાઈ)
પૂર્વી પ્રકાશ વાણીયા (પુત્રી)
પ્રકાશ ઈશ્વરભાઈ વાણીયા (જમાઈ)




## બળદેવજી ઠાકોરે વધુ ૩૦ લાખની ગ્રાન્ટ આરોગ્ય સેવા માટે ફાળવી

**શંભુજી ઠાકોરે પણ ૩૯ લાખની વધુ ગ્રાન્ટ ફાળવણી કરી**

ગાંધીનગર, તા. ૨૯

કલોલ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે તેમને મળતી ગ્રાન્ટમાંથી આજે વધુ ૩૦ લાખની ફાળવણી આરોગ્ય સેવાના સઘનીકરણ માટે ફાળવી છે.

જિલ્લા કલેક્ટરને પાઠવેલા એક પત્રમાં તેમણે કલોલ નગરપાલિકા માટે એક શબવાહિની માટે રૂ. ૧૨ લાખની ફાળવણી અને બે નવી એમ્બ્યુલન્સની ખરીદી માટે રૂ. ૧૮ લાખની ફાળવણી કરી છે. હજુ ગઈકાલે જ રૂ. ૨૭ લાખની ફાળવણી તેમણે કર્યા બાદ આજે વધુ રૂ. ૩૦ લાખની ફાળવણી કરી છે.

બીજી તરફ ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે પણ સાદરા, છાલા અને અડાલજ સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે પાંચ-પાંચ ઓક્સિજન કોન્સ્ટ્રેટર ખરીદવા માટે રૂ. ૧૫ લાખની ગ્રાન્ટ ફાળવી છે તેમજ ચાંદખેડા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સોનોગ્રાફી મશીન, ફેટલ ડોપલર, ઈસીજી મશીન સહિતના સાધનોની ખરીદી માટે રૂ. ૨૪ લાખ ૫૦ હજારની ગ્રાન્ટ ફાળવણી કરી તાકીદે યોગ્ય કાર્યવાહી કરવા જિલ્લા કલેક્ટરને જણાવ્યુ છે.

દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે સાંસદ હસમુખભાઈ પટેલે પણ ઓક્સિજન પ્લાન્ટ માટે રૂ. ૫૦ લાખની ગ્રાન્ટ ફાળવણી કરતો પત્ર જિલ્લા કલેક્ટરને પાઠવ્યો છે. જિલ્લામાં આરોગ્યની સેવાઓના સઘનીકરણ માટે બળદેવજી ઠાકોર, ડૉ. સી.જે. ચાવડા, શંભુજી ઠાકોર, સુરેશ પટેલે તેમની ગ્રાન્ટમાંથી રકમોની ફાળવણી કરી મોકલી આપતાં તંત્રએ હવે આ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં કાર્યવાહીને વેગીલી બનાવી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com